સારા વિચાર ધરાવવા એ આંતરિક સૌંદર્યની નિશાની છે

- સ્વામી રામતીર્થ

# ગાંધીનગર સમાચાર

આપણું પોતાનું અખબાર



Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૨૦ | ૩૧ જાન્યુઆરી, ૨૦૧૩, ગુરૂવાર; પોષ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગાંધીનગરને ટેક્ષ ફ્રી સીટી જાહેર કરો

## ટેક્ષની ગણતરીની રકમ ગ્રાન્ટ રૂપે ચુકવવા માંગ કરતો સ્ટેન્ડીંગ સમિતિનો ઠરાવ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેર એ રાજયનું પાટનગર હોવાથી રાજય સરકારે ખાસ કિસ્સામાં ટેક્ષ ફ્રી સીટી જાહેર કરી અને તે પેટે થનારી આવક ગ્રાન્ટ રૂપે કોર્પોરેશનને ચુકવે તેવી માંગ કરતો પ્રસ્તાવ આજે સ્ટેન્ડીંગ કમિટીએ પસાર કર્યો છે.

સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી પ્રવિણ પટેલની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં ગાંધીનગર શહેરમાં લાગુ કરાયેલા વેરાઓને લઈ લોકોમાંથી ઉઠી રહેલા વિરોધના સૂરને વાચા આપવામાં આવી છે. પણ મહાનગરપાલિકા નવ નિર્મિત છે અને આર્થિક સ્થિતિ મજબુત નથી આથી આ સંજોગોને ધ્યાને રાખી સરકારે જાતે ટેક્ષ ફ્રી સીટી તરીકે ખાસ કિસ્સામાં જાહેરાત કરી અને થનારી સંભવિત આવકને ધ્યાને લઈ તે નાણાં ગ્રાન્ટ સ્વરૂપે મનપાને ચુકવવા જોઈએ.

ગાંધીનગરમાં ટેક્ષ હોલી ડે જાહેર કરવાની માંગ કોર્પોરેશનની રચનાથી જ લોકો દ્વારા કરવામાં આવી રહી છે. આ ઉપરાંત શહેરમાં લાદવામાં આવેલા વેરાઓને લઈ આજે પણ વિરોધ થઈ રહ્યો છે. એક તબક્કે વેરાના દરની વિસંગતતાઓને લઈ કોર્પોરેશન દ્વારા એક પેટા સમિતિની પણ રચના કરવામાં આવી હતી. જેની માત્ર એક જ બેઠક મળી છે. આ વેરા વસુલાતમાં પણ સરકારી મિલકતોની વેરા વસુલાત હજુ બાકી છે આ સિવાય ૭ થી ૮ કરોડ જેટલી વસુલાત થઈ છે.

આ સંજોગોમાં રાજય સરકારે ખાસ કિસ્સામાં ગાંધીનગરને ટેક્ષ હોલીડે જાહેર કરી અને તેની સંભવિત ગ્રાન્ટ કોર્પોરેશનને ચુકવી જોઈએ તેવી માંગણી કરતો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

આજની આ બેઠકમાં ગાંધીનગરની જુદી જુદી કચેરીઓમાં ફરજો બજાવતા રોજમદાર કર્મચારીઓ માટે ઈન્ટીગ્રેટેડ આવાસ યોજનામાં સમાવેશ કરી અલાયદી વસાહત ઉભી કરવાની પણ માંગ કરતો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો છે.

આજ બેઠકમાં ગાંધીનગર મહાનગરપાલિકામાં સ્ટાફની ભરતીની પ્રક્રિયા ઝડપી બનાવવા માટે મ્યુનિ. કમિશનરશ્રીને જરુરી સત્તાઓ આપતો પ્રસ્તાવ પણ પસાર કરવામાં આવ્યો હતો.

આજે મળેલી સ્ટેન્ડીંગ કમિટી સમક્ષ પાંચ પ્રસ્તાવો અધ્યક્ષ સ્થાનેથી રજુ થયા હતા તેમજ ત્રણ પ્રસ્તાવો જે એજન્ડામાં દર્શાવવામાં આવ્યા હતા તે પણ મંજૂર કરવામાં આવ્યા છે.

એજન્ડામાં દર્શાવાયા મુજબ કમિશ્નરેટને અનુરૂપ ફર્નિચરની ખરીદી ગ્રીમકો પાસેથી કરવા માટે, ગાંધીનગર કોર્પોરેશનની વૈધાનિક અધિકારીઓને આવાસ ફાળવણી માટે તેમજ કર્મચારીઓને પગાર પંચના તફાવતની રકમ ચુકવવાની બાબતને લગતા પ્રસ્તાવો પસાર કરવામાં આવ્યા હતા.

## મતદાન મથકો પુનઃ ગઠન માટે દરખાસ્તો મંગાવાઈ

### વિધાનસભાની ચૂંટણીમાં ૩૯ નવા મતદાન મથકો બાદ વધુ ૧૫ નવા મતદાન મથકો રચાશે તેવો તંત્રને અંદાજ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લામાં મતદાન મથકોના પુનઃગઠન માટે તંત્ર પાસેથી ચૂંટણી પંચ દ્વારા દરખાસ્તો માંગવામાં આવી છે. બિનસત્તાવાર વિગતો પ્રમાણે જિલ્લામાં નવી મતદારયાદી મુજબ ૧૫ જેટલા મતદાન મથકોનો ઉમેરો થશે.

તાજેતરમાં વિધાનસભાની ચૂંટણીઓ સંપન્ન થયા બાદ ચૂંટણી પંચે લોકસભાની ચૂંટણીઓને ધ્યાને રાખી જિલ્લા તંત્ર પાસેથી મતદાન મથકોના પુનઃગઠનને લઈ દરખાસ્તો માંગી છે.

મળતી વિગતો પ્રમાણે ગ્રામ્ય વિસ્તારમાં ૧૨૦૦ મતદારોએ એક મતદાન મથક અને શહેરી વિસ્તારમાં ૧૪૦૦ મતદારોએ એક મતદાન મથક બનાવવા માટે જણાવાયું છે. આજ માપદંડને લઈ વિધાનસભાની ચૂંટણી પૂર્વે ૩૯ જેટલા મતદાન મથકો નવા બનાવવામાં આવ્યા હતા. જો કે આ પછી મતદાર યાદી સુધારણા ઝુંબેશ દરમિયાન ઘણા બધા નવા મતદારો ઉમેરાયા હોવાથી હવે પુનઃગઠન કરવું જરુરી બન્યું છે. મળતી માહિતી પ્રમાણે વિધાનસભાની ચૂંટણીમાં મતદાન મથકને લઈ સારી એવી રજુઆતો તંત્રને મળી હતી. આ

● અનુસંધાન પાન-૭ પર



ગુજરાતમાં પીક-અપ સ્ટેન્ડોની સ્થિતિ સુધારણા માટે ગાંધીનગરમાં ચર્ચાઓ થાય છે પણ ગાંધીનગરના પીક-અપ સ્ટેન્ડ જ્યાં સચિવાલયનો પડછાયો ઉનાળામાં પહોંચે એટલે દૂર આવેલા છે તે એટલા બિસ્માર છે કે તેના પર તંત્રવાહકોની નજર પડી નથી અને કદાચ પડી હોય તો ગાંધારીની જેમ આંખે પાટા બાંધી અંધત્વનો સ્વીકાર કર્યો છે. ઉદ્યોગભવનની પાછળ આવેલ પીક-અપ સ્ટેન્ડ તુટેલા છે એટલું જ નહિ પણ તેની સફાઈ પણ થતી નથી હવે આની સંભાળ કોણ લે ? કારણ કે આ પીક-અપ સ્ટેન્ડ પર પોઈન્ટની બસો માત્ર જ આવે છે. (તસવીર : દિપક જાની)

## મનપાના અંદાજપત્રનો ડ્રાફ્ટ પાંચમીએ સ્ટેન્ડીંગ કમીટીમાં રજુ કરાશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગરપાલિકાના મ્યુનિ. કમિશનર શ્રી લલિત પાડલિયા વર્ષ-૨૦૧૩-૧૪ના વર્ષનું ડ્રાફ્ટ બજેટ આગામી ૫મી ફેબ્રુઆરીએ સ્ટેન્ડીંગ કમીટી સમક્ષ રજુ કરશે.

શ્રી પાડલિયા પોતાનું પ્રથમ બજેટ રજુ કરશે જ્યારે મહાનગરપાલિકાનું તે બીજુ બજેટ બનશે. ગત વર્ષે પ્રથમ ડ્રાફ્ટ બજેટ મ્યુનિ. કમિશનરશ્રી સી.આર. ખરસાણે રજુ કર્યું હતું.

ગાંધીનગર મહાનગરપાલિકાના દ્વિતીય બજેટની દરખાસ્તો તૈયાર કરી અને તેને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. મળતી વિગતો પ્રમાણે આ બજેટનું કદ રૂ. ૬૦ કરોડની આસપાસનુ રહેશે તેમ મનાઈ રહ્યું છે. મહાનગરપાલિકા દ્વારા આગામી દિવસોમાં મળનારી નવી સેવાઓને લઈ આર્થિક ભારણ ધરાવતું હશે

બજેટમાં ડોર ટુ ડમ્પીંગ પ્રોજેક્ટ તેમજ સફાઈની સેવાઓના સઘનીકરણ વિશે વિશેષ ઉલ્લેખ થશે તેમ મનાઈ રહ્યું છે. જો કે વેરાના ભારણમાં વધારો કરવો કે કેમ તે અંગે પદાધિકારીઓ સાથે બેઠક થયા બાદ નિર્ણય લેવામાં આવશે. આ ડ્રાફ્ટ બજેટમાં કેટલાક મહત્વના સુધારાઓ પણ રજુ થશે.

કમિશનરશ્રી દ્વારા રજુ થનાર ડ્રાફ્ટ બજેટ બાદ ૧૦ દિવસમાં સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં સુધારા-વધારા સાથે મનપાની સામાન્ય બેઠકમાં મંજૂરી માટે રજુ કરવામાં આવશે. રાજ્ય સરકાર તરફથી વધુ ગ્રાન્ટ મેળવવા પર આ બજેટમાં ભાર મુકાશે તેમ મનાઈ રહ્યું છે.

# મનપા સેવાસદન માટે જગ્યા ફાળવવા માંગ

## મનપાના મુખ્ય કાર્યાલય અને ઝોનલ કચેરીઓ માટે ૫૦ હજાર ચો.મી. જગ્યા ફાળવવાની માંગ કરતો સ્ટેન્ડીંગ કમીટીમાં ઠરાવ : દરખાસ્ત સરકારમાં મોકલવા કમિશનરને સૂચન

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગરપાલિકાએ પોતાના આગવા મકાન માટે તેમજ તેની ઝોનલ કચેરીઓ માટે ૫૦ હજાર ચો.મી. જગ્યાની ફાળવણી કરવાનો પ્રસ્તાવ આજે સ્ટેન્ડીંગ કમિટીમાં પસાર કરી રાજ્ય સરકારને મોકલવા મ્યુનિ. કમિશનરશ્રીને સૂચવ્યું છે.

સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી પ્રવિણ પટેલના અધ્યક્ષપદે આજે મળેલ બેઠકમાં આ પ્રસ્તાવ અધ્યક્ષસ્થાનેથી રજુ થયો હતો. આ પ્રસ્તાવમાં સમિતિએ જણાવ્યું છે કે જો સરકાર આ મુદ્દે જમીન ફાળવણીનો યોગ્ય નિર્ણય નહિ કરે તો ના છુટકે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે તેવી ચીમકી ઉચ્ચારી છે.

સમિતિમાં રજુ થયેલો પ્રસ્તાવ સર્વાનુમતે મંજૂર થયો હતો. સમિતિમાં સભ્યોએ હાલ પણ કોર્પોરેશનને જે જગ્યા ફાળવવામાં આવી છે તે અપૂરતી હોવાની લાગણી વ્યક્ત કરી હતી તેમજ સરકાર જગ્યા ફાળવણી અંગે ઝડપથી નિર્ણય કરે તેમ જણાવ્યું હતું.

સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી પ્રવિણ પટેલે બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે હાલ સરકાર સાથે વધુ જગ્યાની ફાળવણી કરવા અંગે પત્રવ્યવહાર ચાલી રહ્યો છે. આ જ બિલ્ડીંગમાં ઘણી બધી જગ્યા ઉપલબ્ધ હોવા છતાં સરકાર અમારી માંગણી વિશે ધ્યાન આપતી નથી.

શ્રી પટેલે જણાવ્યું હતું કે ગાંધીનગર મહાનગરપાલિકાએ લોકલ ગવર્મેન્ટનો દરજ્જો ધરાવે છે તેમજ જે ઝડપથી નગર વિકસી રહ્યુ છે તેને ધ્યાને રાખી આગામી દિવસોમાં ફરજીયાત અને મરજીયાત સેવાઓનો વ્યાપ વધશે તે બધુ જ ધ્યાને રાખી આજે આ માંગણી કરવામાં આવી છે. શ્રી પટેલે જણાવ્યુ હતુ કે હાલ કોર્પોરેશનમાં જગ્યાના અભાવે ઘણી બધી અગવડાઓનો સામનો કરવો પડી રહ્યો છે તેમજ અધિકારીઓને પણ તેમને ફાળવવા પાત્ર ઓફિસની જગ્યા અમે ફાળવી શકતા નથી આથી સરકાર સકારાત્મક રીતે અમારી માંગણી સ્વીકારે તેમ અમે ઈચ્છીએ છીએ.

ગાંધીનગર રાજ્યનું પાટનગર છે અને તેની જ લોકલ ગવર્મેન્ટ માટે પોતાનું મકાન ના હોય એ સૌથી શરમજનક બાબત છે એથી અમે આ માંગણી આજની બેઠકમાં મંજૂર કરી છે.

આજે રજુ કરાયેલ પ્રસ્તાવમાં જણાવાયું છે કે ગાંધીનગર શહેરને મહાનગરપાલિકાનો દરજ્જો આપવાનો નિર્ણય રાજ્ય સરકારે વડી અદાલતના ચુકાદાને પગલે કર્યો છે. હવે આ મહાનગરપાલિકા અસ્તિત્વમાં આવે, બે વર્ષ કરતા વધારે સમય પૂર્ણ થયેલ છે. ત્યારે આ મહાનગરપાલિકાના રોજેરોજના કામ કરવા માટે એનું અલાયદુ મકાન હોવું જરૂરી છે. અને આ માટે અગાઉ પણ રાજ્ય સરકાર પાસે ૧૦,૦૦૦ ચો.મી.નો પ્લોટ ફાળવવાની માંગણી કરવામાં આવી હતી પરંતુ હજુ સુધી રાજ્ય સરકારે પ્લોટ ફાળવણી કરી નથી, તેમજ વધારાની નવી જગ્યા પણ ફાળવતી નથી, જેને કારણે અધિકારીઓને અને પદાધિકારીઓને બેસવા માટે જે જગ્યાની ફાળવણી કરવી જોઈએ, તે કરી શકાતી નથી એટલું જ નહિ પરંતુ પ્રજાને જે સેવાઓ પુરી પાડવી જોઈએ તેટલી સેવાઓ કચેરીઓ

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હી ખાતે પાંચમીએ રાજ્યોના ઉર્જામંત્રીઓની બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૩૦

દિલ્હી ખાતે આગામી પાંચમી ફેબ્રુઆરીએ રાજ્યોના ઉર્જામંત્રીઓની મળનારી બેઠકમાં ઉર્જા ક્ષેત્રને લગતા પ્રશ્નો અંગે ગુજરાત દ્વારા રજુઆત કરવામાં આવનારી હોવાનું જાણવા મળે છે.

દેશમાં વીજ માંગ અને વીજ ઉત્પાદન સંદર્ભે આગામી પાંચમી ફેબ્રુઆરીના રોજ દિલ્હી ખાતે કેન્દ્રના ઉર્જા મંત્રીના અધ્યક્ષસ્થાને દેશના તમામ રાજ્યોના ઉર્જા મંત્રીઓની એક બેઠક મળનાર છે. આ બેઠકમાં ગુજરાતના ઉર્જામંત્રી સૌરભભાઈ પટેલ પણ ઉપસ્થિત રહેનાર છે.

ગુજરાતમાં આવેલ કોલ બેજ વિજમથકો માટે કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને જે કોલસો ફાળવવામાં આવે છે તે દૂરના અંતરેથી ફાળવવામાં આવે છે જેના કારણે તેના પરીવહન પાછળ મોટો ખર્ચ થતાં આર્થિક ભારણ આવે છે અને વીજ ઉત્પાદન મોઘું પડે છે. આથી ગુજરાતને નજીકના સ્થળેથી સારો અને ગુણવત્તાવાળો કોલસો ફાળવવા અંગે ગુજરાતના ઉર્જામંત્રી દ્વારા આ બેઠકમાં રજુઆત કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત ગુજરાતને તેની જરૂરીયાત પ્રમાણેનો પુરતો ગેસ પણ ફાળવવામાં આવતો નથી અને અન્ય રાજ્યો કરતાં મોંઘો ગેસ આપવામાં આવે છે. આથી આ અંગે પણ ગુજરાતના ઉર્જામંત્રી દ્વારા એવી રજુઆત કરવામાં આવનાર છે કે ગુજરાતને તેની જરૂરીયાત અને માંગણી પ્રમાણે અને ઓછા ભાવે ગેસની ફાળવણી કરવામાં આવે.

અત્રે ઉલ્લેખનીય છે કે વીજક્ષેત્રે ગુજરાત દ્વારા કરવામાં આવેલી કામગીરી અને મેળવેલી સિદ્ધિ અંગેની વિગતો પણ આ બેઠકમાં રજુ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.



દેશભરમાં ગાંધી નિર્વાણ દિને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને ભાવભીની અંજલી અપાઈ હતી. સમગ્ર રાષ્ટ્રમાં પ્રાર્થના સભાઓ અને પરિસંવાદો યોજાયા હતા. ગાંધીજીને યાદ કરી સાંપ્રતમાં ગાંધી વિચાર એટલો પ્રસ્તુત છે એ વાત પર આખો દેશ સંમત છે. અમદાવાદના ગાંધી આશ્રમમાં સર્વધર્મ પ્રાર્થના સભાનું આયોજન કરવામા આવ્યું હતુ.

## એસટી યુનિયનના કર્મચારીઓની સામુહિક રજાની જાહેરાત મોકુફ

અમદાવાદ, તા.૩૦

ડિઝલના ભાવ વધારાના વિરોધમાં એસટી યુનિયનો કર્મચારીઓ દ્વારા પહેલી અને બીજી ફેબ્રુઆરીના રોજ સામુહિક રજાની જાહેરાત કરી હતી. જેનો મોકુફ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે જેને યુનિયન હોદ્દેદારોએ ચર્ચા વિચારણા બાદ મોકુફ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે જેને યુનિયન હોદ્દેદારોએ ચર્ચા વિચારણા બાદ મોકુફ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ બેઠકમાં એસટીના કર્મચારીઓની સામુહિક રજાઓના પગલે સામાન્ય જનતા પરેશાન ન થાય અને સમાન્ય જનજીવનને અસર ન થાય તે માટે રજુઆતો કરવામાં આવી હતી જેના દ્વારા અંતે યુનિયને ડિઝલમાં ભાવ વધારાના વિરોધમાં સરકારમાં રજુઆત કરવાની ખાતરી આપતા સામુહિક રજાનો કાર્યક્રમ મોકુફ રાકવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે ઓઈલ કંપનીઓ દ્વારા એસટી નિગમને આપવામાં આવતા ડિઝલના દરો રૂપિયા ૪૪.૩૧થી વધારીને રૂપિયા ૫૦.૫૪ કરી દેવામાં આવ્યા હતા. જેના કારણે એસટી નિગમના ઉપર એક લીટર દીઠ રૂપિયા પાંચનો બોજ પડ્યો હતો. જેના પગલે એસટી નિગમ ઉપર દૈનિક ૨૬ લાખ રૂપિયાનો બોજો વધી ગયો હતો.

## અધિકારીઓને ઉચ્ચતર પગાર ધોરણમાં બઢતી અપાઈ

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત સરકારે આજે સાત સનદી અધિકારીઓને ઉચ્ચ પગાર ધોરણમાં બઢતી આપી છે જયારે ૬ સનદી અધિકારીઓની અગાઉ કરાયેલ નિમણુંકને પણ બહાલી આપી છે.

રાજય સરકારે આજે કરેલા એક અન્ય હુકમમાં ગુજરાત વહીવટીય સેવાના ૨૯ અધિક કલેકટરોને પણ ઉચ્ચ પગાર ધોરણમાં બઢતી આપવા હુકમો જારી કર્યા છે.


કાલીચંડી જ્યોતિષ

9925384314

LCD TV રીપેરીંગ

આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે

સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ

ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો ૯૭૧૪૧૯૮૩૬૬

REQUIRED

For Property Valuation & Research

- Diploma Civil Engineer
- Surveyors
- Computer Operator (Female)

Contact immediately

twg advisory

Block-A/415, Forth Floor, Supath-2, Opp. Wadaj Bus Stop, Usmanpura, Ashram Road, Ahmedabad-380013.

resume@propertyoptions.co.in

નમ્ર વિનંતી

પ્રવેશ સંપૂર્ણ બંધ છે.



વિવેકાનંદ એકેડમી M:7359341717